# Briefing on COVID-19 related issues for Heads of Diplomatic Missions and International Organizations in New Delhi

November 06, 2020

## નવી દિલ્હીમાં સ્થિત રાજદ્વારી મિશનો અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનાં વડાઓ માટે કોવિડ-19 સંબંધિત મુદ્દાઓ પર સંક્ષિપ્ત સૂચના

નવેમ્બર 06, 2020

1. વિદેશ મંત્રાલય દ્વારા 6 નવેમ્બર 2020 નાં રોજ નવી દિલ્હીમાં સ્થિત રાજદ્વારી મિશનો અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માટે કોવિડ-19 સંબંધિત મુદ્દાઓ પર સંક્ષિપ્ત સૂચના આપવાનાં સત્રનું આયોજન કર્યું હતું. આ સંક્ષિપ્ત સૂચના સત્રમાં 190 કરતા વધારે રાજદ્વારી મિશનો અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનાં વડાઓ અને તેઓનાં પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો.

2. માર્ચ 2020 થી, દવાઓ, નિદાનાત્મક કિટ્સ અને તબીબી સાધનો પૂરી પાડીને તથા તપાસણી અને કેસ વ્યવસ્થાપન માટે ઓનલાઈન તાલીમ કાર્યક્રમો યોજીને કોવિડ-19 સામેની આપણી સંયુક્ત લડાઈમાં ભારત તેનાં સાથી દેશો સાથે સક્રિય રીતે જોડાયેલું રહ્યું છે. ભારતનો રસી વિકાસ કાર્યક્રમ આગળ વધતા, ભારત દ્વારા પાડોશી દેશો માટે તબીબી અજમાયશો પરનાં તાલીમ કાર્યક્રમો યોજ્યા હતા જેમાં 8 દેશોમાંથી આશરે 19 નિષ્ણાંતોએ ભાગ લીધો હતો. અમે પાડોશી અને અન્ય રસ ધરાવતા દેશો સાથે આ સહકાર કાર્યક્રમો વિસ્તૃત કરવા તૈયાર છીએ.

3. આજની સંક્ષિપ્ત સૂચનામાં, નીતિ આયોગનાં સભ્ય ડૉ. વિનોદ કે. પોલ; ભારત સરકારનાં મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રોફેસર કે. વિજય રાઘવન; આરોગ્ય સચિવ શ્રી રાજેશ ભૂષણ; બાયોટેકનોલોજી વિભાગનાં સચિવ ડૉ. રેણુ સ્વરૂપ; વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગનાં સચિવ પ્રોફેસર આશુતોષ શર્મા; વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન માટેની પરિષદનાં મહાનિર્દેશક ડૉ. શેખર મંડે; અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફર્મેશન ટેકનોલોજી મંત્રાલયનાં ઈ-ગવર્નન્સ વિભાગનાં અધ્યક્ષ અને સીઈઓ શ્રી અભિશેક સિંઘ દ્વારા સહભાગીઓને સંક્ષિપ્ત સૂચનાઓ આપવામાં આવી હતી. વિદેશ સચિવ શ્રી હર્ષ વર્ધન શ્રૃંગલાઓ પણ આ સંક્ષિપ્ત સૂચના સત્રમાં ભાગ લીધો હતો.

4. સહભાગીઓને કોવિડ-19 નાં ભારતનાં વ્યવસ્થાપન, તેનાં રસી નિર્માણ કાર્યક્રમ, સોફ્ટવેર અને રસી પૂરવઠા તંત્રનાં સંબંધિત મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રિય સહકાર પર સંક્ષિપ્ત સૂચના પ્રદાન કરવામાં આવી હતી. તે પાઠવવામાં આવ્યું હતું કે વિદેશ મંત્રાલય રાજદ્વારી મિશનો અને આંતરરાષ્ટ્રિય સંસ્થાઓનાં વડાઓની પુણેની એક યાત્રાનું આયોજન કરશે જ્યાં તેઓ કોવિડ-19 સંબંધિત સંશોધન અને રસી વિકાસ કાર્યક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓની મુલાકાત લઈ શકે છે.

**નવી દિલ્હી**
**નવેમ્બર 06, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.